## લિંબાયતમાં બહેન સાથે રમતા ત્રણ વર્ષના બાળકને વીજ કરંટ લાગતા મોત

સુરતઃ મૂળ મહારાષ્ટ્ર ધુલિયાના વતની જીતેન્દ્ર ગૌસ્વામી હાલમાં લિંબાયત આસ્તિક નગરમાં ત્રણ સંતાન સહિતના પરિવાર સાથે રહે છે અને રિક્ષા ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવે છે. ગુરુવારે સાંજે જીતેન્દ્રનો એકનો એક ૩ વર્ષનો પુત્ર શિવ બહેનો સાથે ઘરમાં રમી રહ્યો હતો. તે સમયે તેને અચાનક બોર્ડમાંથી વીજ કરંટ લાગ્યો હતો. ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયેલા શિવને જોઇને તેની માતા ગભરાઈ ગઈ હતી. બાદમાં શિવને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ત્યાંથી વધુ સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ લઈ આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

## અમરોલીમાં મનપાના સફાઇ કર્મીની પત્નીએ માનસિક બીમારીમાં આપઘાત કર્યો

સુરતઃ અમરોલી સુમન સાધના આવાસમાં નરેન્દ્રભાઈ સોલંકી બે સંતાન સહિતના પરિવાર સાથે રહે છે અને સુરત મહાનગરપાલિકામાં સફાઇ કામદાર તરીકે નોકરી કરે છે. તેમની 38 વર્ષીય પત્ની નયના છેલ્લા ઘણા સમયથી માનસિક બીમારીથી પીડાતી હતી. જેની દવા પણ ચાલુ હતી. જે બીમારીથી કંટાળીને આજે સવારે નયનાએ ઘરમાં પંખા સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઇને આપઘાત કરી લીધો હતો.

## કોસાડ આવાસમાં ગાળો બોલવાની ના પાડતાં યુવક પર છરી વડે જીવલેણ હુમલો

સુરતઃ કોસાડ આવાસના બિલ્ડિંગ નંબર ૭૯/બી/૦૫ (એચ-૦૧) માં રહેતા અને મજૂરીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા મૂળ ઉત્તર પ્રદેશના ગોરખપુરના વતની રાજકુમાર સુન્નર સહાની (ઉ.વ.૪૮)ના દીકરા રોશન ગત સાંજે બિલ્ડિંગ નંબર ૮૬ પાસે ઊભો હતો. આ દરમિયાન રસ્તા પર વિસ્તારના જ બે શખ્સ ચંદ્રશેખર ઉર્ફે ચંદુ નિષાદ અને સાહીલ ઉર્ફે બાંગો મોટે-મોટેથી ગાળો બોલી રહ્યા હતા. જેથી રોશને આ બંને શખ્સોને જાહેર સ્થળે ગાળો બોલવાની ના પાડતા આરોપીઓ એકદમ ઉશ્કેરાઇ પોતાની પાસે રહેલી તિક્ષ્ણ છરી કાઢી રોશન પર આડેધડ હુમલો કરી લોહીલુહાણ કરી દીધો હતો. ઘટના અંગે અમરોલી પોલીસે રાજકુમાર સહાનીની ફરિયાદના આધારે બંને હુમલાખોરો વિરુદ્ધ હત્યાના પ્રયાસનો ગુનો નોંધી તેઓને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## ભરણપોષણ નહીં ચૂકવતા પતિને કોર્ટે ૧૨૦ દિવસની સજા ફટકારી

સુરતઃ અરજદાર પત્નીએ છ-છ મહિનાની બાકી ખોરાકી ચઢી જતાં બે અરજી કરી હતી. આ કેસમાં પત્ની તરફે એડ્વોકેટ શેહઝાદ રંગરેજે વિગત આપતાં જણાવ્યું હતું કે ભરીમાતા વિસ્તારમાં રહેતી પત્નીએ કોસાડ વિસ્તારમાં રહેતાં પતિ વિરુદ્ધ ભરણપોષણની કરેલી અરજીમાં કોર્ટે પત્ની અને બે બાળકોને કુલ માસિક રૂ.૮૦૦૦ પતિને ચૂકવવાનો હુકમ કર્યો હતો. પરંતુ પતિએ ખોરાકી નહીં ચૂકવતાં પત્નીએ કોર્ટમાં છ-છ મહિનાની ખોરાકી મેળવવા બે અરજી કરી હતી. જે અરજી સંદર્ભે અન્ય કેસમાં જેલમાં બંધ પતિ કોર્ટ સમક્ષ હાજર થઈ ખોરાકી ચૂકવવાની ના પાડી દેતાં કોર્ટે છ મહિનાની બાકી લેણી રકમ માટે ૬૦ દિવસની સજા કરી હતી. એ જ પ્રમાણે બીજી અરજીમાં પણ છ મહિનાની બાકી લેણી રકમ માટે ૬૦ દિવસની સજા કરી હતી. આ રકમ જેલરને જમા કરાવવામાં આવશે ત્યારે પતિની સજા મુક્તિ થશે.

## વરાછામાં દવા લેવા નીકળેલા રત્નકલાકારનું બાઇક સ્લિપ થતાં મોત

સુરતઃ મૂળ રાજસ્થાનના વતની અભયસિંગ ધનસિંગ તોમર (ઉ.વ.18) આજે સવારે અભયસિંગને માથામાં દુખાવો થતો હતો. જેથી તે બાઇક લઈને દવા લેવા માટે મેડિકલ સ્ટોર પર જતો હતો. દરમિયાન બરોડા પ્રિસ્તેજ પાસે તેની બાઇક સ્લીપ થઈ ગઈ હતી. તેનું સારવાર દરમિયાન સ્મીમેરમાં મોત થયું હતું.

# લક્ઝરી બસમાં મમરાના કોથળાની આડમાં છુપાવેલો દારૂ ઝડપાયો

**બસ** કીમ જતી હતી, ડ્રાઈવર-કંડક્ટર મમરાની ગુણોમાં ૬૩ હજારનો દારૂ છુપાવ્યો હતો

સુરતઃ કામરેજ ચોકડી પાસેથી ઉત્રાણ પોલીસે કિમ જતી એક ખાનગી લક્ઝરી બસમાંથી મમરાના કોથળાની આડમાં લઈ જવાતો ૬૩ હજારના વિદેશી દારૂ સાથે ડ્રાઈવર-કંડક્ટરને પકડી પાડ્યા છે.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ ઉત્રાણ પોલીસના સર્વેલન્સ સ્ટાફના પીએસઆઈ આર.ડી.ધાધલ અને સ્ટાફના માણસોએ બાતમીને આધારે નવસારીથી કીમ તરફ જઈ રહેલી 'શ્રી રામ ટ્રાવેલ્સ'ની લક્ઝરી બસ નં.(AR-20-D-9354) માંથી ચેકિંગ કરીને તલાશી લેતાં અંદર રાખેલા મમરાના કોથળાના પાર્સલની આડમાંથી વગર પાસ-પરમિટનો ૬૩,૩૬૦ રૂપિયાનો દારૂની જથ્થો મળી આવ્યો હતો. પોલીસે પ્રતિબંધિત દારૂના જથ્થા સાથે બસના ડ્રાઈવર મોહનલાલ ઈશ્વરલાલ મહિડા (ઉં.વ.૩૫) (રહે.,વાપી, મૂળ રહે.,કુશલગઢ, જિ.બાંસવાડા, રાજસ્થાન) અને કંડક્ટર હિંમતસિંહ જશવંતસિંહ લબાના (ઉં.વ.૪૨) (રહે.,બાવડીવાડા, તા.કુશલગઢ, જિ.બાંસવાડા, રાજસ્થાન)ની ધરપકડ કરી છે.

પોલીસે બસ, દારૂનો જથ્થો અને રોકડ મળી કુલ ૧૯,૭૩,૩૬૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ કેસમાં દારૂ મોકલનાર/મંગાવનાર એક અજાણ્યા પેસેન્જર (મોબાઈલ નં.૭૯૮૪૩૪૫૫૯૧)ને વોન્ટેડ જાહેર કરી તેને પકડવાનાં ચક્રો ગતિમાન કર્યાં છે. તપાસ દરમિયાન સામે આવ્યું છે કે મુખ્ય આરોપી ડ્રાઈવર મોહનલાલ વિરુદ્ધ અગાઉ વલસાડના પારડી પોલીસ સ્ટેશનમાં અકસ્માત અને એમ.વી. એક્ટ હેઠળનો ગુનો પણ નોંધાઈ ચૂક્યો છે.

# કોમર્શિયલ પ્રોપર્ટીના નામે વેપારી પરિવાર સાથે રૂ.૧.૬૧ કરોડની ઠગાઈ

**પુણાગામના** ક્રિએશન પ્લાઝામાં બે દુકાનો આપવાની લાલચ આપી બિલ્ડરે ફેરવ્યું કરોડોનું ફૂલેકું

**જુદી** જુદી સાઇટો બતાવી બેંક અને રોકડા મળી કુલ રૂ. ૧.૭૦ કરોડ પડાવ્યા,ડાયરીમાં લખાણ પણ કરી આપ્યું

**લાંબા** સમય સુધી દસ્તાવેજ ન કરી આપતાં આખરે ભોગ બનનારે નોંધાવી ફરિયાદ:તપાસ ઇકો સેલને સોંપાઇ

સુરતઃ અડાજણ વિસ્તારમાં રહેતા એક પ્રતિષ્ઠિત વેપારી અને તેમના પરિવારને કોમર્શિયલ પ્રોપર્ટી વેચાણ આપવાના બહાને ઝાંસામાં લઈ એક શાતિર ઠગે રૂ. ૧.૬૧ કરોડથી વધુની રકમ પડાવી લીધી હોવાનો ચોંકાવનારો મામલો પ્રકાશમાં આવ્યો છે. આરોપીએ વેપારી પરિવારને અલગ-અલગ કન્સ્ટ્રક્શન સાઇટ બતાવી, ટૂંક સમયમાં દસ્તાવેજ કરી આપવાની પાકી ખાતરી આપીને કરોડો રૂપિયા ખંખેરી લીધા હતા. લાંબા સમયની વાયદાબાજી બાદ પણ પ્રોપર્ટી કે નાણાં પરત ન મળતાં આખરે મામલો પોલીસ મથકે પહોંચ્યો છે.

અડાજણની માધવ પાર્ક સોસાયટી (સુંદરવન સોસાયટી નજીક) ખાતે રહેતા ૬૨ વર્ષીય વેપારી રાજેશભાઈ ચંપકલાલ સોપારીવાલા કપડાંના વ્યવસાય સાથે સંકળાયેલા છે. ઓગસ્ટ ૨૦૧૭માં તેમનો સંપર્ક પિન્કેશકુમાર સુરેશભાઈ પટેલ (રહે. સહજધામ રો હાઉસ, અડાજણ અને હાલ રહે. કેલી રેસીડેન્સી, પાલ) સાથે થયો હતો. બિલ્ડર પિન્કેશ પટેલે રાજેશભાઈ અને તેમના પરિવારને પુણાગામ સ્થિત સર્વે નં. ૫૮૫/૦૧, બ્લોક નં. ૬૪૪ ખાતે આવેલા 'ક્રીએશન પ્લાઝા'માં દુકાન નં. ૧૧૧ અને ૧૧૨ સસ્તામાં વેચાણ આપવાની લાલચ આપી વિશ્વાસ જીતી લીધો હતો.

આરોપી બિલ્ડરે વેપારી પરિવાર પાસેથી ટુકડે-ટુકડે બેંક એકાઉન્ટ મારફતે તેમજ રોકડા મળી કુલ રૂ. ૧,૭૦,૩૦,૦૦૦ મેળવી લીધા હતા અને તેની સામે પોતાની ડાયરીમાં સહી-સિક્કા સાથે લખાણ પણ કરી આપ્યું હતું.લાખો રૂપિયા ચૂકવી દીધા બાદ પણ બિલ્ડર પિન્કેશ પટેલે દસ્તાવેજ કરી આપવામાં ગલ્લાંતલ્લાં શરૂ કર્યા હતા. વેપારી પરિવારે કડક ઉઘરાણી કરતાં આરોપીએ માત્ર રૂ. ૮.૬૫ લાખ પરત કર્યા હતા, પરંતુ બાકી નીકળતા રૂ. ૧,૬૧,૬૪,૯૦૦ ઓળવી ગયો હતો. વારંવાર ધક્કા ખાવા છતાં નાણાં કે દુકાન ન મળતાં આખરે રાજેશભાઈ સોપારીવાલાએ ગઈકાલે અડાજણ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. કરોડો રૂપિયાના આ ચીટિંગ કેસની તપાસ હવે સુરત પોલીસની આર્થિક ગુના નિવારણ શાખા (ઇકો સેલ) ચલાવી રહી છે.

## કાપડના વેપારી અને દલાલ 7.93 લાખનું ગ્રે કાપડ ખરીદી રફૂચક્કર

સુરતઃ વેસુ વિસ્તારમાં ખાટુ-શ્યામ મંદિર પાસે વિનીશા રેસિડેન્સીમાં રહેતા અને કાપડના વ્યવસાય સાથે સંકળાયેલા જયેશકુમાર કેશવલાલ પટેલ (ઉં.વ.૪૮) નાઓનો સંપર્ક 'એસ.એસ.ટેક્સટાઈલ'ના પ્રોપરાયટર મહેશ પ્રભુદાસ શર્મા (રહે., સારોલી) અને દલાલ ચંદુભાઈ શંકરલાલ પટેલ (રહે., અલથાણ)એ કર્યો હતો. બંનેએ વર્ષ ૨૦૨૩માં જયેશકુમારની 'શિવ ટેક્સટાઈલ' ફર્મમાંથી ૪,૯૦,૮૪૮નો માલ મંગાવ્યો હતો, જેનું એક પણ રૂપિયો પેમેન્ટ ચૂકવ્યું નહોતું. ત્યારબાદ તેમની બીજી પેઢી 'જય ટેક્સટાઈલ'માંથી ૪,૯૭,૬૯૨ નો માલ લીધો હતો. જેની સામે ટુકડે-ટુકડે માત્ર ૧,૯૫,૦૦૦ ચૂકવ્યા હતા અને બાકીના ૩,૦૨,૬૯૨ લટકાવી રાખ્યા હતા. પેમેન્ટ બાકી રાખી, આરોપીઓ પોતાની સારોલી ખાતેની દુકાન બંધ કરી ઉઠામણું કરી ભાગી ગયા હતા. સારોલી પોલીસ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# આક્રોશને પગલે મોટા વરાછામાં શાળા સ્થળાંતરનો નિર્ણય રદ

**વિદ્યાર્થીઓ** ઉપવાસ પર, વાલીઓ રસ્તા પર ઊતરતા તંત્રએ તુરંત શાળા ટ્રાન્સફરનો નિર્ણય પડતો મૂક્યો

સુરતઃ સુરતના મોટા વરાછા વિસ્તારમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળા નંબર-354ના અંદાજે 320 જેટલા વિદ્યાર્થીઓને શાળા નંબર-309માં ટ્રાન્સફર કરવાના એકતરફી નિર્ણય સામે છેલ્લાં કેટલાક દિવસોથી ચાલી રહેલો વિવાદ ગુરુવારે ઉગ્ર આંદોલનમાં ફેરવાઈ ગયો હતો. બાળકો છેલ્લા પાંચ વર્ષથી અહીં સ્થિર થઈને ભણતા હોવા છતાં, વાલીઓને વિશ્વાસમાં લીધા વિના લેવાયેલા આ મનસ્વી નિર્ણયના વિરોધમાં વહેલી સવારથી જ મોટી સંખ્યામાં વાલીઓ અને ભૂલકાઓ શાળા બહાર રસ્તા પર ઉતરી આવ્યા હતા. હાથમાં પ્લેકાર્ડ્સ લઈને 'શિક્ષણ સાથે રાજકારણ નહીં, અમને ન્યાય જોઈએ' અને 'અમારી શાળા અમને પરત આપો' ના નારા સાથે વાતાવરણ ગજવી મૂક્યું હતું. પરિસ્થિતિ ત્યારે વધુ સંવેદનશીલ બની જ્યારે નાના બાળકો જૂની શાળા છોડવાનો ઇનકાર કરી ઉપવાસ પર બેસી ગયા. લોકરોષ વધતા બપોર દરમિયાન રાજ્યના મંત્રી પ્રફુલભાઈ પાનશેરિયા, ધારાસભ્ય મુકેશ પટેલ, વોર્ડ નંબર-2ના કોર્પોરેટર મનુભાઈ બલર, ભાજપ શહેર અધ્યક્ષ પરેશભાઈ પટેલ તેમજ મહામંત્રી કરશનભાઈ ગોંડલિયા સહિતના ઉચ્ચ આગેવાનો દોડતા થયા હતા ચોતરફથી વધતા જતાં ભારે રાજકીય અને સામાજિક દબાણ સામે શિક્ષણ સમિતિને આખરે નમતું જોખવું પડ્યું હતું. તંત્ર માટે પોતાના જૂના નિર્ણય પર અડગ રહેવું અશક્ય બનતા, આખરે મોડી સાંજે સમિતિએ શાળા સ્થળાંતરનો વિવાદાસ્પદ આદેશ સત્તાવાર રીતે રદ્દ કરવાની જાહેરાત કરી હતી અને તમામ વિદ્યાર્થીઓ શાળા નંબર-354માં જ યથાવત્ અભ્યાસ ચાલુ રાખશે તેવી સ્પષ્ટતા કરી હતી. આ સમાચાર મળતાં જ સવારથી ચિંતિત વાલીઓ અને બાળકોમાં ખુશીની લહેર દોડી ગઈ હતી .

## ત્રિકમનગરમાં લગ્નના બે વર્ષમાં પતિના ઝઘડાથી કંટાળીને પરિણીતાનો આપઘાત

સુરતઃ વરાછા ત્રિકમનગરમાં લગ્નના બે વર્ષમાં પતિના ઝઘડાથી કંટાળીને પરિણીતાએ ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. ચાર મહિના પહેલાં મુંબઈ ખાતે પતિ સાથે ઝઘડો થતાં સંતાનને લઈને પરિણીતા સુરત આવી ગઈ હતી. મળેલી માહિતી મુજબ, મૂળ નેપાળના વતની જયશ્રી વિજય આહુજી (ઉં.વ.21) હાલમાં વરાછા ત્રિકમનગર ખાતે આવેલા બહુચર એપાર્ટમેન્ટમાં માતા-પિતા સાથે રહેતી હતી. તેના બે વર્ષ પહેલાં જ લગ્ન થયા હતા. દંપતી વચ્ચે અવારનવાર ઝઘડાઓ થતાં રહેતા હતા. જેથી કંટાળીને ચાર મહિના પહેલાં જ જયશ્રી મુંબઈથી સંતાન સાથે પિયર સુરત ખાતે આવી હતી. દરમિયાન બુધવારે બપોરે જયશ્રીએ ઘરમાં પંખા સાથે કપડું બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. જયશ્રીએ ઘર કંકાસમાં આપઘાત કર્યો હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી.

## અશ્વિનીકુમાર પોલીસે ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલ્યો,૮૦ કેરેટ હીરા સાથે તસ્કર ઝબ્બે

સુરતઃ અશ્વિનીકુમાર પોલીસે બાતમીને આધારે વોચ ગોઠવી વિજય ઉર્ફે જાડિયો દેવચંદ ચંદ્રવંશી (ઉ.વ. ૩૪)ને કોર્ડન કરીને ઝડપી લીધો હતો.પોલીસની કડક પૂછપરછ સામે આરોપી વિજય ઉર્ફે જાડિયાએ ભાંગી પડીને મિનીબજાર સ્થિત કોહિનૂર સોસાયટીમાં ઘરફોડ ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. તેની તલાશી લેતા ચોરી કરેલા ૮૦ કેરેટ રફ અને તૈયાર હીરા મળી આવ્યા હતા. આરોપી મૂળ મધ્યપ્રદેશના ઉજ્જૈન જિલ્લાનો વતની છે અને હાલ સુરતના પલસાણા વિસ્તારમાં મજૂરી કામ કરતો હતો. પોલીસે ચોરીનો તમામ મુદ્દામાલ કબજે કરી આરોપીની ધરપકડ કરી છે. આ તસ્કર અગાઉ અન્ય કોઈ ચોરી કે ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાયેલો છે કે કેમ તે દિશામાં પોલીસે તજવીજ હાથ ધરી છે.

# બંદરો પર અટકેલા યાર્નનાં કન્ટેનર્સ આજથી મુક્ત

**POY** યાર્નનાં કન્ટેનર્સ પણ ટૂંક સમયમાં રિલીઝ કરવાની બાંયધરી આપવામાં આવી

સુરતઃ ગુજરાતનાં વિવિધ બંદરો પર લાંબા સમયથી અટકાવી રાખવામાં આવેલા પોલીએસ્ટર FDY યાર્નનાં કન્ટેનરોને કસ્ટમ્સ વિભાગે આજથી જ છોડવાની મંજૂરી આપી છે. ગુજરાત હાઇકોર્ટ દ્વારા અગાઉ આપવામાં આવેલો સ્ટે રદ થતાં આ નિર્ણય લેવાયો છે, જેના કારણે ટેક્સટાઇલ ઉદ્યોગને મોટી રાહત મળી છે.

ભારત સરકારના QCO સંબંધિત આદેશ સામે દાખલ થયેલી અરજીમાં હાઇકોર્ટે આપેલો સ્ટે બાદ કસ્ટમ્સ વિભાગે આયાતી યાર્નનાં કન્સાઇનમેન્ટ્સ અટકાવ્યાં હતાં. જો કે, સરકારની અપીલ પર સુનાવણી બાદ હાઇકોર્ટે સ્થગિતી દૂર કરી દીધી હોવાથી હવે પોલીએસ્ટર FDY યાર્ન તેમજ તેના તમામ સબ-ગ્રુપ્સનાં કન્ટેનર્સ ક્લિયર થવાનો માર્ગ મોકળો બન્યો છે. આ મુદ્દે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI)ના પ્રમુખ અશોકભાઈ જીરાવાલાએ કસ્ટમ્સના ઉચ્ચ અધિકારીઓ સાથે CCFC બેઠક યોજી હતી.

બેઠકમાં ગુજરાતના વિવિધ બંદરો પર અટકેલાં FDY યાર્નના કન્ટેનર્સ તાત્કાલિક અસરથી છોડવાનો નિર્ણય લેવાયો હતો. સાથે જ POY યાર્નનાં કન્ટેનર્સ પણ ટૂંક સમયમાં રિલીઝ કરવાની બાંયધરી આપવામાં આવી છે. કાપડ ઉદ્યોગ માટે જરૂરી કાચો માલ લાંબા સમયથી અટવાઈ જતાં ઉત્પાદન અને વેપાર પર અસર પડી રહી હતી. હવે કન્ટેનર્સ મુક્ત થતાં ઉદ્યોગને રાહત મળશે અને ઉત્પાદન પ્રક્રિયા ફરી ગતિ પકડશે.

# ફૂલેકું ફેરવી પત્ની અને પુત્રના નામે નવો ધંધો શરૂ કરી દીધો

**જશ** માર્કેટના વેપારીને રૂ. ૨૭.૪૨ લાખનો ચૂનો ચોપડનાર સામે ગુનો નોંધાયો

**જે દલાલ** હસ્તક માલ મોકલ્યો તેણે મોબાઇલ બંધ કરી દીધો અને અગ્રવાલ બંધુઓએ દુકાનનાં શટર પાડી દીધાં

સુરતઃ રિંગ રોડની મિલેનિયમ માર્કેટમાં ક્યારા ફેશનના નામે ધંધો કરતા અગ્રવાલ બંધુઓએ એક વેપારી પાસેથી રૂ. ૨૭.૪૨ લાખનો ગ્રે કાપડનો માલ ખરીદ્યા બાદ પેમેન્ટ ન ચૂકવી મોટું ફુલેકું ફેરવ્યું છે.

સિંગણપોર રોડ પર દેવપ્રયોગ રેસિડેન્સીમાં રહેતા ૫૭ વર્ષીય મહેશકુમાર રણછોડભાઈ ખૂંટ સલાબતપુરાની જશ ટેક્સટાઈલ માર્કેટમાં ગુરુકૃપા ક્રિએશન અને શિવશક્તિ ટેક્સટાઇલના કાપડનો વેપાર કરે છે. વર્ષ ૨૦૧૭માં કાપડ દલાલ રાધેશ્યામ બદ્રીનારાયણ ઓઝા (રહે. સુરત) મારફતે તેમનો સંપર્ક મિલેનીયમ માર્કેટની ક્યારા ફેશનના પ્રોપરાઈટર પ્રદીપભાઈ અગ્રવાલ અને વહીવટકર્તા રવિભાઈ અગ્રવાલ (રહે. જોલી રેસિડેન્સી, સિટીલાઈટ) સાથે થયો હતો. તેમણે તેમની પાસેથી જુદા જુદા બિલથી કુલ રૂ. ૨૭,૪૨,૬૧૮ની કિંમતનો ગ્રે કાપડની માલ ખરીદ્યો હતો અને ડિલિવરી થઈ ગયા બાદ પેમેન્ટ ન આવતા મહેશકુમારે ઉઘરાણી શરૂ કરી હતી., શરૂઆતમાં વાયદાઓ કરીને સમય પસાર કર્યા બાદ અચાનક જ દલાલ રાધેશ્યામ પોતાનો મોબાઈલ બંધ કરી વતન રાજસ્થાન ભાગી ગયો હતો. જ્યારે અગ્રવાલ બંધુઓએ મિલેનિયમ માર્કેટની દુકાન બંધ કરી દીધી હતી અને સોમેશ્વર ટેક્સટાઈલ માર્કેટમાં પોતાના પરિવારના નામે નવો કારોબાર શરૂ કરી દીધો હતો.

# લિંબાયતમાંથી મનપાએ મોટાપાયે પ્લાસ્ટિકનો જથ્થો કબજે કર્યો

**આગામી** દિવસોમાં આખા શહેરમાં સઘન ચકાસણી અભિયાન શરૂ કરાશે

સુરતઃ સુપ્રીમ કોર્ટ અને જીપીસીબી દ્વારા પ્લાસ્ટિક કચરા અંગે કરાયેલી તાકીદને પગલે મનપા દ્વારા ગેરકાયદેસર પ્લાસ્ટિક વેસ્ટ નેટવર્ક સામે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. જેમાં લિંબાયત માર્કેટ વિસ્તારમાંથી એક બિનઅધિકૃત ઓપરેટર પાસેથી ગેરકાયદેસર રીતે એકત્રિત કરવામાં આવેલ પ્લાસ્ટિક કચરો જપ્ત કરવામાં આવ્યો હતો.

મહાનગરપાલિકાના અધિકારીઓએ જણાવ્યું હતું કે, આગામી દિવસોમાં શહેરના વિવિધ વિસ્તારોમાં સઘન ચકાસણી અભિયાન હાથ ધરવામાં આવશે. ગેરકાયદેસર રીતે પ્લાસ્ટિક કચરાનું સંગ્રહ, પરિવહન, વેપાર અથવા રિસાયક્લિંગ કરતી વ્યક્તિઓ, ગોડાઉનો અને સંસ્થાઓ સામે જપ્તી, દંડાત્મક કાર્યવાહી તથા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સના કડક અમલીકરણ માટે મનપા દ્વારા 'ઝીરો ટોલરન્સ' નીતિ અપનાવવામાં આવી છે અને પર્યાવરણને નુકસાન પહોંચાડતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ કોઈપણ સંજોગોમાં ચલાવી લેવામાં આવશે નહીં.

# ઈદ પર આપેલા ચશ્મા પાછા માંગતા યુવક પર ત્રણનો હુમલો

**વચ્ચે** પડેલા માસૂમ કિશોરને પણ બેરહેમીથી ઝૂડ્યો:'હવે પંગો લીધો તો પતાવી દઈશ'ની ધમકી આપી શખ્સો ફરાર

સુરતઃ લિંબાયતના ખાનપુરા ગલી નં. ૩ ખાતે રહેતા તસ્લીમબેન ગુલામ અકબર શેખે લિંબાયત પોલીસ મથકમાં હુમલાખોરો વિરુદ્ધ નામજોગ ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યા મુજબ, તેમના જેઠના પુત્ર અવેશે ગત ઈદના પવિત્ર તહેવાર નિમિત્તે હસ્નેન ઉર્ફે કાલીયા નામના યુવકને પહેરવા માટે પોતાના ચશ્મા આપ્યા હતા. તહેવાર પૂરો થતાં અવેશે પોતાના ચશ્મા હસ્નેન પાસે પરત માંગ્યા હતા.ચશ્મા પરત માંગવા જેવી ક્ષુલ્લક બાબતે હસ્નેન અને તેના સાથી શાહરૂખ ઉર્ફે દરોગાએ અવેશ સાથે ભારે ગાળાગાળી અને બોલાચાલી શરૂ કરી દીધી હતી. અવેશે તેમને શાંતિ રાખવા અને વધુ વિવાદ ન કરવા વિનંતી કરી હતી. જોકે, હસ્નેન ઉર્ફે કાલીયા, શાહરૂખ ઉર્ફે દરોગા અને ભુરી નામના ત્રણેય શખ્સોએ એકસંપ થઈ અવેશ પર હુમલો કરી દીધો હતો. મારામારી જોઈને અવેશને બચાવવા માટે ફરિયાદી મહિલા તસ્લીમબેન અને તેમનો સગીર પુત્ર અલ્ફરાન વચ્ચે પડ્યા હતા. પરંતુ હેવાન બનેલા આ ત્રણેય હુમલાખોરોએ વય મર્યાદાનો પણ લિહાજ રાખ્યા વિના માસૂમ અલ્ફરાનને પણ આડેધડ ઝૂડી નાખ્યો હતો.

લોકોનું ટોળું ભેગું થતાં આરોપી શાહરૂખ ઉર્ફે દરોગાએ અવેશને હિન્દીમાં ધમકી આપતા કહ્યું હતું કે, ''અગલી બાર મેરે સે પંગા લિયા તો તુજે જાન સે માર દુંગા''. આમ, જાહેરમાં મોતની ધમકી આપી ત્રણેય નરાધમો સ્થળ પરથી નાસી છૂટ્યા હતા. લિંબાયત પોલીસે ગુનો નોંધી ફરાર ત્રણેય સાગરીતોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

## પશ્ચિમ રેલવે એડ્વોકેટ્સ પેનલમાં સુરતના દસ વકીલનો સમાવેશ

સુરતઃ ભારતીય રેલવે, મુંબઈ ડિવિઝનના જનરલ મેનેજરની યાદીમાં જણાવ્યા મુજબ મુંબઈ ડિવિઝનની જિલ્લા અને ગૌણ અદાલતો સમક્ષ રેલવેના મુકદ્દમા (લિટિગેશન)નું કામકાજ સંભાળવા માટે ત્રણ વર્ષના સમયગાળા માટે અથવા આગામી આદેશ સુધી રેલવે એડ્વોકેટ્સ તરીકે પેનલ પર એડ્વોકેટ્સનાં નામોને મંજૂરી આપી છે. જેમાં સુરતમાં 10 વકીલની નિમણૂક કરવામાં આવી છે, જેમાં સુરત ડિવિઝનમાં અશ્વિન જોગડિયા, હાર્દિક શાહ, રવીન્દ્રન ટી.એસ., પંચાલ દિવ્યાકુમારી, મયૂર બી.પટેલ, હિના શિંદે, ધ્રુમિકા લંગાલિયા, બિંદી દેસાઈ, માનવી પટેલ, દિવ્યા અગ્રવાલ અને રુષિ ત્રિવેદીની નિમણૂક કરવામાં આવી છે. ઉપરાંત મુંબઈ ડિવિઝનમાં આવતા નંદુરબારમાં 6, વલસાડમાં 5, નવસારીમાં 2 અને વ્યારામાં 1 એડ્વોકેટને રેલવેના કેસો ચલાવવા માટે પસંદ કરવામાં આવ્યા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### કોળી પટેલ બિઝનેસ ગ્રુપ દ્વારા મેગા બિઝનેસ મીટનું આયોજન

સુરતઃ કોળી પટેલ સમાજના આર્થિક સશક્તિકરણ અને યુવા ઉદ્યોગસાહસિકોને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે કોળી પટેલ બિઝનેસ ગ્રુપ (KBG) દ્વારા તા. 18 જૂન 2026 ના રોજ સુરતના ધ પ્રિવિલેજ બેન્કવેટ હોલ જહાંગીરપુરા ખાતે ભવ્ય "મેગા બિઝનેસ ગ્રોથ સમીટ" નું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં સમાજના અગ્રણી ઉદ્યોગપતિઓ, વિવિધ ક્ષેત્રોના સફળ વ્યવસાયિકો, સામાજિક આગેવાનો તથા મોટી સંખ્યામાં યુવા ઉદ્યોગસાહસિકો ઉપસ્થિત રહેશે. કાર્યક્રમ દરમિયાન સફળ ઉદ્યોગપતિઓ અને નિષ્ણાતો દ્વારા બિઝનેસ ગ્રોથ, લીડરશિપ, ઉદ્યોગસાહસિકતા, નેટવર્કિંગ અને આધુનિક મેનેજમેન્ટ વિષયક માર્ગદર્શન આપવામાં આવશે. સાથે સાથે યુવાનોને રોજગારી શોધનાર નહીં પરંતુ રોજગારી સર્જનાર બનવા માટે પ્રેરિત કરવામાં આવશે.

### રાષ્ટ્રીય કલા કેન્દ્રની ગુજરાત રાજ્ય એકપાત્રિય અભિનય સ્પર્ધા તા.14મી જૂને

સુરતઃ શહેરની નામાંકિત સંસ્થા રાષ્ટ્રીય કલા કેન્દ્ર દ્વારા પહેલીવાર ગુજરાત રાજ્ય એકપાત્રિય અભિનય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા બી.ડી.એન્ડ કંપની પુરસ્કૃત છે. સ્પર્ધામાં ગુજરાતભરમાંથી ૨૫ એન્ટ્રી આવી છે. જેની પ્રસ્તુતિ તા. ૧૪-૦૬-૨૦૨૬ ને રવિવારના રોજ, વજુભાઇ ટાંક હોલ, શાહપોર મુકામે, સવારે દસ વાગ્યાથી શરૂ થશે. સ્પર્ધાનું ઉદ્ઘાટન પદ્મશ્રી યઝદી કરંજિયા કરશે. ઉદ્ઘાટન સમારોહમાં રૂપીન પચ્ચીગર દ્વારા 'માલવપતિ મુંજ' અને ભરત ભાવસાર દ્વારા 'અનવોન્ટેડ મેન' મોનો એક્ટિંગની પ્રસ્તુતિ કરશે. આ સ્પર્ધાનું સંચાલન પૂર્ણિમા ભટ્ટ, મેહુલ શર્મા અને હિમાંશુ ભટ્ટ કરશે. સ્પર્ધામાં સૌને આમંત્રણ છે. કોઈ ટિકિટ કે પાસ રાખવામાં આવ્યાં નથી.

### કુરુક્ષેત્રધામમાં રામકથામાં બાપુએ દીકરીના વિદાય પ્રસંગે મા-બાપને સંદેશ આપ્યો

સુરતઃ તાપી કિનારે આવેલા કુરુક્ષેત્રધામમાં પ્રફુલભાઈ શુક્લના મુખે રામકથાનું રસપાન ચાલી રહ્યું છે. પવિત્ર એકાદશીના દિવસે વ્યાસપીઠ પરથી બાપુએ જાનકી વિદાય પ્રસંગને આલેખતા કન્યા વિદાય અને દીકરી-પિતાના ભાવનાત્મક સંબંધોની યાદો તાજી કરી હતી. આ અવસરે બાપુએ દરેક માતા-પિતાને જીવનનો અમૂલ્ય બોધ આપતા જણાવ્યું હતું કે, દીકરીને સાસરે મોકલો ત્યારે સુસંસ્કારનું ભાથું કન્યાદાન રૂપે આપીને વળાવજો, જેથી બંને કુળો સમાજમાં સન્માનિત થાય. કથામાં રાંદેર પીપલ્સ કો.ઓ. બેંકના ડિરેક્ટર અને જાણીતા આર્કિટેક્ટ પ્રવિણભાઈ પરમારે વ્યાસપીઠ સમક્ષ પ્રશ્ન રજૂ કર્યો હતો કે કૈકેયીએ રામને વનવાસ મોકલવાનો અપજશ કેમ લીધો?. આજના કથા પ્રસંગમાં બિલીમોરાના ભાવિનભાઈ ટંડેલ તથા દાનવીર બટુકભાઈ વિરાણી (બાઢડા)નું કમલેશભાઈ સેલર અને ગિરીશભાઈ પટેલના હસ્તે વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.બાપુએ મિની વીરપુર ધામ જલારામ મંદિરે વિજયભાઈ જીનવાલાની યજમાનીમાં હનુમાન ચાલીસાના પાઠ અને સત્સંગનું આયોજન કર્યું હતું.

### માનવદેહ કરતાં પણ મનુષ્યગતિને પામીને આત્મવિકાસ કરવાનો છેઃ પદ્મદર્શનસૂરિજી

મુંબઈઃ મુંબઈ- મુલુંડના ઝવેર રોડ સ્થિત શ્રી વાસુપૂજ્યસ્વામી શ્વે. મૂ. પૂ. જૈન સંઘમાં પધારેલા જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે ધર્મસભા સમક્ષ જણાવ્યું હતું કે, પ્રભુ પ્યારા લાગે એટલું નહીં ચાલે, પ્રભુ મારા છે એવો ભીતરી ભાવ છલકાવવો જોઈએ. પ્રિય વસ્તુ કે વ્યક્તિનો વિયોગ થાય તો આંખો ભીની થઈ જાય છે. તેમ પ્રભુનો વિયોગ સતત સતાવવો જોઈએ. પદાર્થો સાથે પ્રીતિ કરીને સંસારને ખૂબ વધાર્યો. હવે પ્રભુ સાથે પ્રીત કરીને સંસારનું વિસર્જન કરવાનું છે. માનવદેહ કરતાં પણ મનુષ્યગતિને પામીને આત્મવિકાસ કરવાનો છે. પ્રભુની પ્રાપ્તિ માટે સદ્‌ગુરુની આંગળી પકડવી પડશે. સદ્‌ગુરુનું એક જ કામ છે, ભક્તને પરમાત્માની સમીપે લઈ જવાનું.

### નાસીરનગરના અસરગ્રસ્તોને કોંગ્રેસના આગેવાનો દ્વારા ભોજન કરાવાયું

સુરતઃ સુરતના વેડ રોડ સ્થિત નાસીરનગર વસાહતમાં તંત્ર દ્વારા કરાયેલી કડક ડિમોલિશનની કાર્યવાહી બાદ ખુલ્લા આકાશ નીચે આવી ગયેલા ગરીબ પરિવારોની વહારે ઉધના ગામનું ભીડભંજન મહાદેવ મંદિર આવ્યું છે. ગુરુવાર, 11 જૂન 2026ના રોજ મંદિરના મહંત જયેશભાઈ ભટ્ટના માર્ગદર્શન હેઠળ માનવતાવાદી કાર્ય કરીને આશરે 800 જેટલા અસરગ્રસ્તોને મિષ્ટાન્ન સહિતના પાકા ભોજનની વ્યવસ્થા પૂરી પાડવામાં આવી હતી. સુરત શહેર કોંગ્રેસ પ્રમુખ વિપુલ ઉધનાવાલા અને ઉપપ્રમુખ હરિશ સૂર્યવંશીની આગેવાની હેઠળ કોંગ્રેસના નેતાઓએ હાજર રહીને અસરગ્રસ્ત પરિવારોને પોતાના હાથે ભોજન પીરસ્યું હતું. આ પ્રસંગે પૂર્વ કોર્પોરેટર અસલમ સાયકલવાલા સહિતના પક્ષના અગ્રણી કાર્યકરો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કોંગ્રેસના તમામ આગેવાનોએ ખાતરી આપી હતી કે, જ્યાં સુધી નાસીરનગરના સ્થાનિકોને ન્યાય તેમજ યોગ્ય પુનર્વસન નહીં મળે ત્યાં સુધી તેઓ ખભેખભા મિલાવીને ઉભા રહેશે.

### હીરાબાનો ખમકાર ફાઉન્ડેશન દ્વારા આજીવન શિક્ષણ સહાય યોજના

સુરતઃ હીરાબાનો ખમકાર ફાઉન્ડેશન દ્વારા 'આજીવન શિક્ષણ સહાય યોજના' અમલમાં મૂકવામાં આવી છે. ફાઉન્ડેશનના પ્રેરણાસ્રોત પિયુષભાઈ ભૂરાભાઈ દેસાઈ (નાણોટા)ના સહયોગથી ધોરણ 5 થી લઈને કોલેજ સુધી અભ્યાસ કરતા દીકરા અને દીકરીઓ માટે આ યોજના શરૂ કરવામાં આવી છે. આ યોજના અંતર્ગત પસંદગી પામેલા વિદ્યાર્થીઓને તેમના અભ્યાસ દરમિયાન જરૂરી શિક્ષણ સહાય આપવામાં આવશે. જે વિદ્યાર્થીઓએ હજુ સુધી ફોર્મ ભર્યું નથી અથવા જરૂરી દસ્તાવેજો જમા કરાવવાના બાકી છે, તેઓએ વહેલી તકે ફાઉન્ડેશનની ઓફિસે સંપર્ક કરી પ્રક્રિયા પૂર્ણ કરવાની વિનંતી કરવામાં આવે છે.

### પંચમ્ ગ્રુપ દ્વારા ફિલ્મી ગીતોની સ્પર્ધા યોજાઇ ગઇ

સુરતઃ પંચમ્ ગ્રુપ દ્વારા અભિનેતા રાજ કપૂર અને રિશી કપૂર તેમજ અભિનેત્રી નરગીસ અને ડીમ્પલ કાપડીયાના ફિલ્મી ગીતોની સ્પર્ધાનો જાહેર કાર્યક્રમ સ્વરાંગન સ્ટુડિયો પાલ ખાતે રવિવાર ૭મી જૂને યોજાયો હતો. જેમાં વિજેતાઓ એડવોકેટ વસંત રાઠોડ, સરોજ રાઠોડ, દીપન પરીખ, ગુલામ શેખ, સુલતાન શેખ, કાદીર શેખ, જાવિદ પાનવાલા, ભોજરાજ સોનેસરા, સુકેશ દેસાઈ, અનિલ દલાલ, પ્રશાંત રથ, મુકેશ ભરડીવાલા, શ્રીરામ કર્ણિક, ભાર્ગવી પટેલ, તૃપ્તિ ડોબરિયા, બાલકૃષ્ણ કર્ણિક, અરવિંદ સિરસથ, સ્મિતા મહેતા અને હરિશ મહેતાને પારિતોષિક આપવામાં આવ્યું હતું. પારિતોષિકની વ્યવસ્થા પંચમ ગ્રુપે કરી. કાર્યક્રમનું સંચાલન રીમા શર્માએ કર્યું હતું.